ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### ગોધરા ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરાઇ

## ગોધરાના રાયોટિંગ કેસનો મુખ્ય સૂત્રધાર ઝાકીર અહેમદ જભા ભિવંડીથી ઝડપાયો

**બાતમીના** આધારે તાત્કાલિક પોલીસની એક વિશેષ ટીમ તૈયાર કરી ભિવંડી ખાતે રવાના થઇ હતી

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

ગોધરા ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચર્ચાસ્પદ રાયોટિંગના ગુનામાં વોન્ટેડ અને નાસતા ફરતા મુખ્ય સૂત્રધાર આરોપીને પંચમહાલ-ગોધરા એલ.સી.બી. અને એસ.ઓ.જી. પોલીસની સંયુક્ત ટીમે મહારાષ્ટ્રના ભિવંડી ખાતેથી ઝડપી પાડ્યો છે. પોલીસને ટેકનિકલ એનાલિસિસના આધારે




સચોટ માહિતી મળી હતી કે ગોધરાના વાલી ફળિયા નં. ૩ નો રહેવાસી અને રાયોટિંગના ગંભીર ગુનાનો મુખ્ય આરોપી ઝાકીર અહેમદ જભા મહારાષ્ટ્ર રાજ્યના ભિવંડી વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે તાત્કાલિક પોલીસની એક વિશેષ ટીમ તૈયાર કરીને ભિવંડી ખાતે રવાના કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર પહોંચ્યા બાદ પોલીસ ટીમે આરોપી તેમને ઓળખી ન શકે તે હેતુથી વેશપલટો કરીને સઘન વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન આરોપી ઝાકીર અહેમદને ભિવંડીના નાસિક રોડ પર આવેલી હોટલ અના સાગર ખાતેથી દબોચી લેવાયો હતો. ઝડપાયેલા આ મુખ્ય આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ગોધરા ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### કમોસમી વરસાદના કારણે સર્જાયેલી ગોઝારી દુર્ઘટના

## શહેરાના છોગાળામાં દીવાલ ધરાશાયી થતાં દાદી અને પૌત્રનુ કરુણ મોત

પરદાદા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં ખસેડાયા

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

બે દિવસ અગાઉ સાંજના સમયે અચાનક વાતાવરણ પલટાયું હતું અને તેજ પવન સાથે ભારે વરસાદ તૂટી પડ્યો હતો. આ દરમિયાન છોગાળા ગામના ક્લારીયા ફળિયામાં અચાનક જ એક મકાનની દીવાલ ધસી પડી હતી. દીવાલ પડવાને કારણે તેની બાજુમાં જ રહેલા ૪૨ વર્ષીય સુકલીબેન જસવંતભાઈ વણજારા અને તેમનો ૭ વર્ષનો પૌત્ર ધાર્મિક સુરેશભાઈ વણઝારા કાટમાળ નીચે દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો તાત્કાલિક



મદદ માટે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ કાટમાળ હટાવી બંનેને બહાર કાઢ્યા હતા. જોકે, માસૂમ ધાર્મિકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બીજી તરફ, આ કાટમાળ નીચે દબાવાથી ગંભીર રીતે ઘવાયેલા સુકલીબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે લઈ જવામાં આવી રહ્યા હતા. પરંતુ રસ્તામાં જ તેમણે પણ અંતિમ શ્વાસ લીધા હતા.

### જીલ્લા પોલીસ અધિક્ષક અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો

## સ્થાનિક સ્વરાજ ચૂંટણી પહેલાં કાલોલ પોલીસ સ્ટેશનમાં લોકદરબાર યોજાયો

સાયબર ક્રાઈમ, ગેરકાયદે નાણાં ધિરાણ મુદ્દે પોલીસની જાગૃતિ



(પ્રતિનિધિ) કાલોલ, તા.8

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી કાલોલ પોલીસ સ્ટેશન ખાતે કાલોલ અને વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તાર દ્વારા સંયુક્ત લોકદરબાર યોજાયો હતો

જ્યાં જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાતની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં કાલોલ નાયબ પોલીસ અધિક્ષક નવિન આહિર, એલસીબી પીઆઈ એ.બી. વોરા, કાલોલ પીઆઈ આર.ડી. ભરવાડ અને વેજલપુર પીઆઈ એ.ઓ.ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા જ્યાં જીલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાતે જણાવ્યું કે કાલોલ જિલ્લા પંચાયતની ૫ અને તાલુકા પંચાયતની ૨૪ સીટો માટે મતદાન થનાર છે.

આ સંદર્ભે આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન કરવા, સાયબર ક્રાઈમથી સાવધ રહેવા, ડી.જે.ના ઉપયોગમાં સરકારી ગાઈડલાઈન અનુસરવા અને ગેરકાયદેસર નાણાં ધિરાણ કરતા ઈસમો વિરુદ્ધ તાત્કાલિક ફરિયાદ નોંધાવવા નાગરિકોને અનુરોધ કરાયો હતો જ્યાં આ લોક સંવાદ સેતુમાં કાલોલ અને વેજલપુર વિસ્તારના બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા જ્યાં પોલીસ-પ્રજા વચ્ચે સીધો સંવાદ સ્થપાયો હતો.

## ગોધરાના ઈસરોડીયામાંથી રૂ. 2.64 લાખના લીલા ગાંજાના છોડ સાથે ખેતર માલિક ઝડપાયો

પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી ડ્રગ્સના આ ગેરકાયદેસર કારોબાર અંગે વધુ તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલા ઈસરોડીયા ગામના નાળા ફળિયામાં ખેતરમાં ગેરકાયદેસર રીતે ઉગાડવામાં આવેલા રૂ. ૨,૬૪,૭૫૦ ની કિંમતના લીલા ગાંજાના ૨૨ છોડ સાથે એસ.ઓ.જી. પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે ખેતર માલિક દેવેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ રાઉલજીની અટકાયત કરી તેની વિરુદ્ધ વેજલપુર પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો



નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નાર્કોટિક્સ ડ્રગ્સની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા માટે મળેલી ચોક્કસ બાતમીના આધારે પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. પોલીસની ટીમે સરકારી પંચોને સાથે રાખીને ઈસરોડીયા ગામે રહેતા દેવેન્દ્રસિંહના ખેતરમાં સઘન તપાસ હાથ ધરી હતી. આ ઝડતી તપાસ દરમિયાન ખેતરમાંથી ૫.૨૯૫ કિલોગ્રામ વજનના લીલા ગાંજાના કુલ ૨૨ છોડ મળી આવ્યા હતા.

પોલીસે આ તમામ મુદ્દામાલ જપ્ત કરી ડ્રગ્સના આ ગેરકાયદેસર કારોબાર અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## કાલોલ સિનેમા સિટી ટોકીઝ નજીક AC કોમ્પ્રેસર ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.8

પોલીસે આરોપીને ઝડપી તમામ મુદ્દામાલ રિકવર કર્યો કાલોલ તારીખ ૦૮/૦૪/૨૦૨૬ કાલોલ સિનેમા સીટી ટોકીઝ નજીકના શોપિંગ સેન્ટરની ઓફિસોમાંથી ચોરાયેલા એ.સી.ના બે કોમ્પ્રેસરના ગુનાનો ભેદ કાલોલ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી સફળતા મેળવી પોલીસે એક આરોપીને ઝડપી લઈ ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા વણશોધાયેલા મિલકત સંબંધી ગુનાઓ ડિટેક્ટ કરવા સૂચના અપાઈ હતી જેમાં નાયબ પોલીસ અધિક્ષક કાલોલ વિભાગના નવિન આહિરના માર્ગદર્શન હેઠળ કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ડી. ભરવાડે સ્ટાફને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અને CCTV કેમેરાનો અસરકારક ઉપયોગ કરવા સૂચના આપી હતી દરમિયાન બાતમી મળી કે એક ઈસમ ત્રણ પૈડાંવાળી સાયકલ પર ACના કોમ્પ્રેસર વેચવા માટે કાંકરના મુવાડા GIDC વિસ્તારમાં ફરી રહ્યો છે. કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.એ. પરમાર તથા સ્ટાફે તપાસ કરતા આરોપીને કોર્ડન કરી પૂછપરછ કરી. શરૂઆતમાં ગલ્લાંતલ્લાં કર્યા બાદ રોહિતકુમાર ઊર્ફે રાહુલકુમાર રાજુભાઈ દંતાણી રે ગોધરા એ કબૂલ્યું કે તેણે મિત્ર કરણ ઉર્ફે ભયલુ મુકેશભાઈ દતાણી સાથે મળી તા. ૦૧/૦૪/૨૦૨૬ના રોજ વહેલી સવારે સીટી ટોકીઝ પાછળના શોપિંગ સેન્ટરની ઓફિસમાંથી કોમ્પ્રેસર ચોરી બંધ કંપનીમાં સંતાડ્યા હતા જે અંગે ખાતરી તપાસ કરતા કાલોલ પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ નોંધાયેલ ગુનો ડિટેક્ટ કરવામાં પોલીસને સફળતા મળી છે અને ચોરાયેલ મુદ્દામાલ કબજે લેવાયો છે.

## ધાનપુરના ઉડાર ગામે દાહોદ એલસીબી પોલીસનો સપાટો

**ઈટોની** આડમાં વિદેશી દારૂ બિયરની હેરાફેરી કરતા ટ્રોલી સાથેના ટ્રેક્ટર સાથે રૂપિયા 4.03 લાખ ઉપરાંતનો દારૂ બિયર પકડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

રાત્રી પેટ્રોલિંગ દરમિયાન દાહોદ એલસીબી પોલીસે શંકાસ્પદ ઈટો ભરેલો ટ્રોલી સાથેને ભૂમિપુત્ર ટ્રેક્ટર પકડી પાડી ટ્રેક્ટરની તલાસી કરતાં એટલે ઈટોની વચ્ચેથી રૂપિયા 4.03 લાખ ઉપરાંત ની કિમતના વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો ઝડપી પાડી, રૂપિયા પાંચ લાખની કિમતનું ટ્રેક્ટર, એક લાખની કિમતની ટ્રેક્ટર ટ્રોલી તથા રૂપિયા એક લાખની કિમતની ઈટો મળી કુલ રૂપિયા 10,05,440/-નો મુદ્દામાલ કબજે લઈ ધાનપુર પોલીસ સ્ટેશનમાં હવાલે કર્યા નુ જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ધાનપુર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં ગઈ કાલે રાતે દાહોદ એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી દરમિયાન પોલીસ સ્ટાફ આગળથી પસાર થઈ રહેલ મહિદ્રા કંપનીના નંબર વગરનું ટ્રોલી સાથેનું ભૂમિપુત્ર ટ્રેક્ટર સંતાડીને મુકેલ ભારતીય બનાવટના ઉપયોગમાં લેવાયેલ રૂપિયા પાંચ લાખની કિમતનું ભૂમિપુત્ર ટ્રેક્ટર તથા રૂપિયા એક લાખની કિમતની ટ્રેક્ટર ટ્રોલી તેમજ તેમાં ભરેલ રૂપિયા 2,000/-ની કિમતની ઈટો -ની કુલ કિમતની ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરની પેટીઓ નંગ-65 માં ભરેલ કુલ બોટલ નંગ-1,884 પકડી પાડી દારૂ ની હેરાફેરીમાં જણાતા પોલીસે ટ્રેક્ટરનો જપ્ત કરી ટ્રેક્ટરની ટ્રોલી ઉકેલી હતી. પીછો કરતા પકડાઈ જવાના ડરથી ભૂમિપુત્ર ટ્રેક્ટરનો ચાલક સાથેથી ટ્રેક્ટર ઉડાર ગામે બિલવાળા ફળિયામાં રોડ પર મુકી અંધારાનો લાભ લઈ ને ફરાર થઈ ગયો પોલીસે ટ્રેક્ટરની ટ્રોલી માં ભરેલ ઈટો ખસેડી જોતા ઈટોની નીચે ઈટોની આડમાં વિદેશી દારૂ તથા બિયરની જેંગી જથ્થો ઝડપી પાડી હતી.

## કાલોલ ભાજપ દ્વારા મૌન રેલી કાઢી કોંગ્રેસ પ્રમુખના નિવેદનનો વિરોધ નોંધાવાયો




**કાલોલ :** કાલોલ નગર ભાજપા અને તાલુકા દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને અભણ અને મૂર્ખ કહેવા બદલ જન આક્રોશ રેલી કાઢી ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મૌન રેલી કાલોલ નગરના મુખ્ય માર્ગ ઉપર ફરી કાલોલ નગરપાલિકા પાસે આવી હતી કાલોલ ભાજપા યુવા મોરચા દ્વારા આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલુકા અધ્યક્ષ મહિદિપસિંહ ગોહિલ નગરના અધ્યક્ષ કલ્પેશ પારેખ પંચમહાલ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ શૈફાલીબેન યુવા મોરચાના જયુભાઈ રાણા ,નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ અને એસસી મોરચાના ઉપાધ્યક્ષ કિરણભાઈ મકવાણા, બક્ષીપંચ મોરચાના મંત્રી સંતોષભાઈ વાલા મહિલા મોરચાના પ્રમુખ શોભાબેન શાહ અને સમગ્ર સંગઠનના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં રેલીમાં ભાગ લીધો હતો અને કોંગ્રેસ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

### 6 વર્ષના બાળક પર હુમલો કરતા લોકોમાં ભય

## ગરબાડા તાલુકાના મીનાક્યાર ગામે રખડતા કૂતરાનો આતંક

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

ગરબાડા તાલુકાના મીનાક્યાર ગામે રખડતા સ્વાનનો આતંક ચરમસીમા એ પહોંચ્યો છે. ગઈકાલે ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. જેમાં એક નિર્દોષ માસૂમ બાળક પર અચાનક એક રખડતા સ્વાને હિચકારો હુમલો કરી માસૂમને લોહી લુહાણ કર્યાનું જાણવા મળ્યું છે.

ગઈકાલે મિનાક્યાર ગામે ૬ વર્ષીય એક માસૂમ બાળક પોતાના ઘરના આંગણામાં રમી રહ્યો હતો. તે સમયે એક રખડતા સ્વાને રમી રહેલા માસૂમ પર અચાનક હિચકારો હુમલો કર્યો હતો. અને બાળક કંઈ સમજે તે પહેલા જ સ્થાને તેને દબોચી દીધો હતો અને મોડા તેમજ માથાના ભાગે ગંભીર રીતે બચકા ભરીને લોહી લુહાણ કરી નાખ્યો હતો. બાળકની પછીથી ચીસાચીસ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને મહામુસીબતે બાળકને સ્વાનના ચુંગાલમાંથી છોડાવ્યો હતો.

બાળકની હાલત ગંભીર જણાતા તેને તાત્કાલિક સારવાર તે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર ગરબાડા પંથકમાં ફફડાટ ફેલાવા પામ્યો છે. જ્યારે બીજી તરફ માસૂમ બાળક પર થયેલા હુમલાને લઈને પરિવારજનો માં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રખડતા સ્વાનોના ત્રાસથી ગ્રામજનો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## ઉદેપુર રાજસ્થાનથી નીકળેલી હનુમાનજી મહારાજની 21 ફૂટ લાંબી ગદાનું હાલોલમાં ભવ્ય સ્વાગત



**હાલોલ :** આજરોજ હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ ગાયત્રી મંદિર ખાતે ઉદેપુર થી 11 મુખી84 ફૂટ ફૂટ ઉચી હનુમાનજી મહારાજની 21 ફૂટ લાંબી અષ્ટ ધાતુથી બનાવેલ પવિત્ર ગદા પુરા ભારત પરિભ્રમણ કરી રહેલ ગદા નું હાલોલ ની ધર્મ પ્રેમી જનતાએ ગાયત્રી મંદિર ખાતે ભાવભીનું સ્વાગત કરી જય શ્રી રામ અને જય શ્રી હનુમા ન ના નારાઓ ગુંજી ઉઠ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું ત્યારબાદ સાંજના પાંચ કલાકે હાલોલમાં આવેલ શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે શ્રી દાદા ની ગદા નું સર્વ પ્રેમી ભક્તોએ સ્વાગત કરી આરતી ઉતારી અને પરિક્રમા કરી ગદા ને ખૂબ જ પ્રેમથી વંદન કર્યા હતા અને જય શ્રી રામના નારા સાથે હાલોલમાં અલગ અલગ મંદિરો ઉપર ગદા રથ ફરશે ત્યારબાદ કંજરી શ્રી રામજી મંદિર ખાતે સર્વ ભક્તો સાથે ગદા રથ પહોંચશે.

### ગોધરાના પૂર્વ તાલુકા વિકાસ અધિકારી ડી. કે. ગરાસિયા અરજદારને મૂર્ખ સમજે છે ? અરજદાર કાનાભાઈ પરમાર

## નળ સે જળ યોજનામાં સરપંચને બચાવવા ખોટા રિપોર્ટ રજૂ કરવાના મામલે જાગૃત નાગરિકે કેન્દ્ર સરકાર પાસે તપાસની લેખિતમાં માંગ કરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.8

ગોધરા તાલુકાના પઢીયાર ગામના જાગૃત નાગરિક કાનાભાઈ રામાભાઈ પરમારે ગોધરાના પૂર્વ તાલુકા વિકાસ અધિકારી ડી. કે. ગરાસિયા સામે સત્તાના દુરુપયોગ અને બેદરકારીના ગંભીર આક્ષેપો કર્યા છે. અરજદારનો સ્પષ્ટ આરોપ છે કે વહીવટી તંત્રની નિષ્ફળતા છુપાવવા અધિકારી તેમને મૂર્ખ સમજી રહ્યા છે. આ બેજવાબદાર વહીવટથી કંટાળીને અરજદારે સમગ્ર ઘટના અંગે કેન્દ્ર સરકારના પી.જી. પોર્ટલ પર પૂર્વ TDO ડી. કે. ગરાસિયા વિરુદ્ધ કડક ખાતાકીય કાર્યવાહી કરવા માટે સત્તાવાર રજૂઆત કરી છે. પ્રાપ્ત વિગતો




અનુસાર, પઢીયાર ગામે કેન્દ્ર સરકારની નળ સે જળ યોજના હેઠળ ૦.૭૦ લાખ લિટરની ટાંકી અને સંપ મંજૂર થયા છે. પરંતુ છેલ્લા બે વર્ષથી સરપંચ દ્વારા જમીનનો ઠરાવ આપવામાં આવતો નથી. આ અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત થતાં માનનીય કલેક્ટર દ્વારા ૫ દિવસમાં પ્રશ્ન હલ કરવાનો આદેશ અપાયો હતો. તેમ છતાં, પૂર્વ TDO ડી. કે. ગરાસિયાએ આદેશનું પાલન કરવાને બદલે કલેક્ટર કચેરીમાં તદ્દન ખોટો, ગેરમાર્ગે દોરતો અને સરપંચનો બચાવ કરતો રિપોર્ટ રજૂ કર્યો હતો. અરજદારની રજૂઆત માત્ર મુખ્ય ગામની ટાંકી પૂરતી સીમિત હોવા છતાં, પૂર્વ TDO એ ૪ વર્ષ જૂના અને અન્ય ફળિયાના મીની વોટર વર્કસનો ઉલ્લેખ કરી ઢાંકપિછોડો કર્યો હતો. એક તરફ પાણી પુરવઠા વિભાગ લેખિતમાં જણાવે છે કે સરપંચ કામમાં અવરોધ ઊભો કરે છે જ્યારે બીજી તરફ પૂર્વ TDO એવો બચાવ કરે છે કે પાણી પુરવઠાના એન્જિનિયરોએ જગ્યા ના-પાસ કરી હતી. બે સરકારી વિભાગોના આવા સંપૂર્ણ વિરોધાભાસી જવાબો ફલિત થાય છે કે પૂર્વ TDO દ્વારા મૂળ અરજીને નજરઅંદાજ કરી વાંચીને સમજવાને બદલે અરજદારને મૂર્ખ બનાવવામાં આવી રહ્યા છે. આ વહીવટી પોકળતા અને બેદરકારી સામે કાનાભાઈ પરમારે પી.જી. પોર્ટલના માધ્યમથી ઉચ્ચ કક્ષાએ ન્યાયની ગુહાર લગાવતા પંચાયત આલમમાં ખળભળાટ મચી ગયો છે.

### કાલોલની એમજીએસ હાઈસ્કુલમાં ધો.8ના વિધાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



(પ્રતિનિધિ) કાલોલ, તા.8

એમજીએસ હાઈસ્કુલ કાલોલ પ્રાથમિક વિભાગમાં ધોરણ 8નો વિદાય તથા શુભેચ્છા સમારંભ યોજાયો જેમાં શાળાના પ્રિન્સિપાલ કેપી પટેલ,સિનિયર શિક્ષક કે એ પુંવાર , એ.એલ ગાંવિત, પ્રાથમિકના વડા કે કે પટેલ તથા યુ.ડી.સોલંકી તથા એસ એમ સંગાડા તથા અન્ય શિક્ષકો હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો જેમાં પ્રાથમિકમાંથી માધ્યમિક મા જતા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી અને જૂની યાદો તાજી કરી હતી.

## બાઈક ઉપર પસાર થતા બે યુવકો ઉપર વૃક્ષ પડતા એકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

ગરબાડાના નળવાઈ ગામે અજીબો ગરીબ રીતે એકનું મોત નીપજ્યું છે નળવાઈ ગામે બાઈક ઉપર ૪૫ વર્ષીય રસુલભાઈ વાખડા શહીદ બે લોકો પસાર થઈ રહ્યા હતા તે વેળાએ અચાનક રસ્તાની બાજુ માનુ વૃક્ષ ધરાશાયી થઈ થઈ રસુલભાઈ ની બાઈક ઉપર પડતા બન્નેને ભારે ઈજા થઈ હતી તેમાં રસુલ ભાઈ નુ ગંભીરના કારણે તેમનું મોત નીપજ્યું હતું ત્યારે બીજા બીજા ઈજાગ્રસ્ત ને સારવાર અર્થે દવાખાને લઈ જવાયો હલો પોલીસે ઘટના સ્થળે પહોંચી રસુલભાઈ ના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અને કાર્યવાહી હાથ ધરી છે

દાહોદમાં મંગળવારે એમજીવીસીએલના મેઈન્ટેનન્સ નો સમય લંબાતા લોકો પરેશાન થઈ ગયા હતા. મંગળવાર ખૂબ જ ભારે પડી ગયો હતો જ્યારે સવારના સાત કલાકથી ડૂલ થયેલી વીજળી સાંજના પાંચ વાગ્યા સુધી આવતા શહેરીજનોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. જે વિભાગ દ્વારા આપવામાં આવેલા જ પુરવઠો બંધ રહેવાની મર્યાદા પૂરી થયા બાદ પણ વીજ પુરવઠો ચાલુ કરવામાં ન આવતા લોકોએ એમજીવીસીએલના અધિકારીઓનો સંપર્કનો પ્રયાસ કર્યો પરંતુ તેમને જવાબ ન મળતા નિરાશા સાંપડી હતી. વીજ વિભાગની આ કામગીરીને કારણે શહેરના મુખ્ય ગોધરા રોડ ફીડર, સ્ટેશન રોડ ફીડર, કલ્યાણ સોસાયટી ફીડર, એલ.આઈ.સી., ગોવિંદ નગર, હનુમાન બજાર ફીડર રેસ્ટ હાઉસ ફીડર અને દર્પણ રોડ ફીડર હેઠળના તમામ વિસ્તારોમાં સવારથી જ અંધારપટ છવાયો હતો. પાંચ કલાક બાદ કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત થયો હતો પરંતુ અડધા કલાક માં જ વીજળીડલ થઈ જતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. વીજ કાપ લંબાતા પરેશાન થયેલા નગરજનોએ જ્યારે એમજીસીએલ કચેરીએ જવાબદાર અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે તેમને નિરાશા સાંપડી હતી અને અધિકારીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. શહેરના ગેઓડીઓ વિસ્તારને બાદ કરતાં લગભગ આખું દાહોદ શહેર 10 કલાક સુધી વીજ વીહોણો રહેતા વેપાર ધંધા પર પણ વ્યાપક માઠી અસર જોવા મળી હતી. કેટલાક વિસ્તારોમાં તો 11:00 કલાકે વીજ પુરવઠો પૂર્વવત થયો હતો. દાહોદના લોકો આખો દિવસ પરેશાન બન્યા હતા.